જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૨/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૦૪૮/૧૯

## વેજલપુર પોલીસ સ્ટેશન :

**ભારતીય બનાવટનો વિદેશી દારુની "CRAZY ROMEO WHISKY FOR SALE IN ARUNACHAL PRADESH ONLY" બ્રાંડની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલ બંધ કોટર નંગ-૮૦૩ જેની કિમત રુપિયા-૮૦,૩૦૦/- તથા મોબાઈલ નંગ-૦૧ જેની કિમત રૂ ૫,૦૦/- ગણી શકાય તથા કાર ની કિમત રુ ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રુ ૩,૮૦,૮૦૦/- ની મતાના મુદામાલ સાથે આરોપીઓ પકડી પાડતી વેજલપુર પોલીસ**

આજરોજ સંયુકત પોલીસ કમીશનર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હાઓ બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ સુચના કરતા અમારી **સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન** પો.કોન્સ સિધ્ધરાજસિંહ રતનસિંહ બન ૯૪૯૧ તથા પો કોન્સ ભયલુભા દિલુભા બન ૧૧૮૩૦ નાઓની બાતમી આધારે **આરોપીઓ નામે** (૧) ઈલીયાસ સ/ઓ યુસુફભાઈ શેખ ઉવ ૩૨ રહે મકાન નં ૨૦ કસ્વા પાર્ક સોસાયટી ઈબ્રાહીમ મસ્જીદની બાજુમાં ફતેવાડી અમદાવાદ શહેર તથા (૨) સમીરખાન ઉર્ફે ચાવલ સ/ઓ ફરીદખાન પઠાણ ઉવ ૩૩ રહે મકાન નં ૧૨ અજીમ પાર્ક સોસાયટી એકતા મેદાન પાસે જુહાપુરા અમદાવાદ શહેર નાઓની કબજાની હુન્ડાઈ કંપનીની ગ્રાન્ડ આઈ-૧૦ સ્પોર્ટસ કાર નં GJ-18-BE-3468 માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારુની "CRAZY ROMEO WHISKY FOR SALE IN ARUNACHAL PRADESH ONLY" બ્રાંડની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલ બંધ કોટર નંગ-૮૦૩ જેની કિમત રુપિયા-૮૦,૩૦૦/- તથા અંગ ઝડતી તપાસ દરમ્યાન મળી આવેલ મોબાઈલ નંગ-૦૧ જેની કિમત રૂ ૫,૦૦/- ગણી શાકાય તથા કાર ની કિમત રુ ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રુ ૩,૮૦,૮૦૦/- ની મતાના મુદામાલ સાથે આજરોજ તા ૦૨.૧૨.૧૯ ના કલાક ૨૨/૩૦ પકડી અટક કરી **પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૨.૧૨.૨૦૧૯**



**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>પ્રોહીબીશન ની પ્રવુતિ સાથે સંકળાયેલા ત્રણ ઇસમોને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ તથા સુરત જેલ મોકલતી નારોલ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી. સબંઘી અસામાજીક પ્રવુતી આચરતા આરોપી આરોપીઓ (૧) સંજય મારૂતીભાઇ જાતે કનરેય (મરાઠી) ઉ.વ.૩૪ ધંધો – રીક્ષા ડ્રાઇવીગ રહે, સરકારી સ્કુલની સામે નારોલ અમદાવાદ શહેર મુળ વતન.ગામ-માઇની તા.ખાવટ જી.સતારા રાજ્ય મહારાષ્ટ નાને પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૮/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ._૦૨/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ રાજકોર્ટ ખાતે તથા (૨) કિશન લાલાભાઇ ચુનારા ઉ.વ.૨૩ ધંધો – રીક્ષા ડ્રાઇવીગ રહે, ચુનારાવાસ દશમાના મંદિરની બાજુમા નારોલ ગામ નારોલ અમદાવાદ શહેર નાને પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૯/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયત હેઠળ મધ્યસ જેલ લાજપોર સુરત ખાતે તથા (૩) ભરતભાઇ નારાણભાઇ ચુનારા ઉ.વ.૩૫ રહે, ઠીકરીયાવાસ નારોલ ગામ અમદાવાદ શહેર પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૭/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ. ૦૨/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગ્યે બજવણી કરી પાસામાં મોકલી આપેલ છે. તા.૦૨/૧૨/૨૦૧૯

**<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>**

<u>ગુમ થયેલ પંદર વર્ષના બાળકને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ</u>

ગઇ કાલ તા.૦૧/૧૨/૨૦૧૯ ના રોજ એક ઇસમ નામે છલીયાસભાઇ કાસમભાઇ શેખ ઉ.વ.૪૩ રહે- ગલી ન-૩ ગુલસનનગર મીરાનગરની પાછળ નારોલ રોડ બોમ્બે હોટલ પાછળ ઇસનપુર અમદાવાદ શહેરનાઓએ આવી જાહેર કરેલ કે પોતાનો દિકરો અયાન ઉ.વ ૧૫ નાનો સાંજના પાંચેક વાગે બહાર રમવા માટે જવાનુ કહીને ગયેલ અને તે ઘરે પરત આવેલો નહી અને આજુબાજુમા તથા સગા સબંધીઓમા તપાસ કરતા મળી આવેલ નહી અને પોતે પોતાના આ દિકરાને ભણવા બાબતે અવાર નવાર ઠપકો આપતા હોવાની હકિકત જણાવતા તેઓની ફરીયાદ લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન-૧૮૭/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરી આ ગુમ થયેલ બાળકને શોધી કાઢવા સારૂ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા “સી” ટીમને જુદી-જુદી ટીમો બનાવી જુદીજુદી દિશાઓમા તપાસ કરી ગુમ થયેલ બાળકને શોધી કાઢવાની સુચના આપતા તેઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ તથા “શી”ટીમની જુદીજુદી ટીમો પાડી <u>ગુમ થયેલ બાળકનો ફોટો દરેક કર્મચારીના મોબાઇલ ફોનમા વોટ્સએપથી આપી આજુબાજુના વિસ્તાઓમા તથા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી દરગાહો ઉપર તપાસ કરવા માટે રવાના કરેલ અને જુદીજુદી જગ્યાઓએ રાતભર તપાસ કરતા આ બાળક બાબતે કોઇ ભાળ મળેલ નહી પરંતુ સવારના શાહઆલમ દરગાહમા તપાસ કરતા ગુમ થયેલ બાળક દરગાહમા આવતા ત્યાથી મળી આવતા બાળકનો કબ્જો તેના વાલીને હેમખેમ સોપી સારી કામગીરી કરેલ છે આ કામગીરી કરવામા સર્વેલન્સ સ્કોડ તથા “શી” ટીમ હતા</u>

<u>તા ૦૨/૧૨/૨૦૧૯</u>

**ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :**

## પાસા હુકમની બજવણી કરવા બાબત

મે.પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે I/O સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.એસ.રાઠોડ સા.શ્રી તથા સ્ટાફના માણસોએ ગાયકવાડ હવેલી વિસ્તારમા ઉઠક બેઠક ધરાવતા રહેતા ઇસમ નામે મહમદ સુફીયાન ઉર્ફે હરખાન સ/ઓ મઝહરઅલી શેખ ઉ.વ.૨૪ રહે. મ.નં.સી/૩ ગુલબર્ગ સોસાયટી, મુકીઝભાઇ પઠાણના મકાનમાં, તનજીમ ડુપ્લેક્ષ આગળ, કસ્વા પાર્ક સોસાયટી પાસે, ફતેવાડી, અમદાવાદ શહેર નાઓ શરીર સંબંધી ગુન્હાઓ કરવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય સદરી આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓશ્રીએ પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૬/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટ્કાતીને પાસા હુકમની બજવણી કરી " વડોદરા મધ્યસ્થ જેલ " ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ છે.

**સરખેજ પોલીસ સ્ટેશન :**

## ગેર કાયદેસર ચાલતા કોલ સેન્ટરમાં કુલ-૦૫ ઇસમોને પકડી પાડતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટરશ્રી બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.ડી.ડી.ચુડાસમા સા.તથા પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા સા.તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અ.પો.કો જયરાજસિંહ મહીપતસિંહ બ.નં-૮૮૧૫ તથા અ.પો.કો.દશરથસિંહ કરશનભાઇ બ.નં-૧૩૧૭૫ તથા ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ તથા અ.લોકરક્ષક કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૨૬૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ વખતે **પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા સા.નાઓને ખાનગી બાતમી હકિકત** મળેલ કે "મકરબા કટારીયા બિલ્ડીંગની બાજુમાં આવેલ સિધ્ધીવિનાયક કોમર્શીયલ ટાવરમાં "સી" બ્લોકના ચોથા માળે આવેલ ઓફીસ નં-૪૦૧ માં કેટલાક ઇસમો ભેગા મળી ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવીને અમેરીકન નાગરીકો પાસે લોન આપવાના બહાના હેઠળ ગિફ્ટ વાઉચર મેળવીને છેતરપીંડી કરતા હોય જે બાતમી આધારે બાતમી વાળી જગ્યાએ હકિકત સાચી જણાતા સદર જગ્યાએ રેઇડ કરી કુલ-૦૫ ઇસમોને પકડી પાડી સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૭૮/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ ગુનો દાખલ કરી નીચે મુજબના આરોપીઓને તા.૦૩/૧૨/૨૦૧૯ ના કલાક ૦૫/૩૫ વાગે પકડી અટક કરી નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે લઇ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- **<u>કબ્જે કરેલ મુદ્દામાલ-</u>**
  - (૧)લેપટોપ નંગ-૧ જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-
  - (૨)ડેસ્કટોપ કોમ્પ્યુટર નંગ-૫ ની કિં.રૂ.૪૫૦૦૦/-
  - (૩)મોબાઇલ ફોન નંગ-૭ કિંમત રૂપિયા ૯૭,૦૦૦/-
  - (૪)એક મેઝીક ઝેક કિંમત રૂપિયા ૧,૦૦૦/-
  - (૫)WIFI રાઉટર કિં.રૂ.૧૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧,૫૪,૦૦૦/-નો મુદ્દામાલ

## <u>પકડાયેલ આરોપીઓ:-</u>

(૧)રવિ સન/ઓ હિરામણી રામસ્નેહિ બીંદ ઉ.વ.૨૮ રહે.હાલ ૨૨,જણકાર સોસાયટી આચાર્ય એકેડમી જીવરાજ ચાર રસ્તા પાસે વેજલપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-એ.ટી.૫૨ અનુરાગ નગર કોલોની જી,એચ.સી.એલ.સુત્રાપાડા જિ-જુનાગઢ

(૨)ઋત્વીક સન/ઓ પરેશભાઇ શિવપ્રસાદ પંડયા ઉ.વ.૨૪ રહે.હાલ ૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન માતૃ છાયા ૧૯ દ્વારકેશ પાર્ક સોમનાથ બાય પાસ ચોકડી પ્રભાસ પાટણ જિ-ગીર સોમનાથ

(૩)કિશન સન/ઓ રાજાભાઇ વીરભાઇ બારડ ઉ.વ.૨૫ રહે.હાલ ૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન ગામ આજોઠા તા-ગીરે સોમનાથ જિ-જુનાગઢ

(૪)ક્રિષ્ના સન/ઓ જગદિશભાઇ રાજદેવભાઇ પ્રસાદ ઉ.વ.૨૮ રહે.હાલ,૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન ગામ-અનુરાગ કોલોની મ.નં.ડી.ટી..૩૪ સુત્રપાડા વેરાવળ જી-ગીર સોમનાથ

(૫)અભિષેકભાઇ સન/ઓ રસિકભાઇ દેવરામભાઇ નિર્મળ ઉ.વ.૨૭ રહે.હાલ,બી/૮ સહ વાસ ફલેટ રવીનગર સ્કુલની બાજુમાં જીવરાજપાર્ક વેજલપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-કચ્છી કોલોની પાણીના બોર પાસે ડીસા જિ-બનાસકાંઠા

## <u>એમ.ઓ.:-</u>

આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે કોલ સેન્ટર ચલાવી અમેરીકન નાગરીકોના ડેટા મેળવીને તેમને બેન્કમાંથી લોન મંજુર કરાવવાના બહાના હેઠળ વિશ્ર્વાસમાં લઇને તેઓની લોન મંજુર કરાવી આપશે અને તેના બદલીમાં ગિફ્ટ વાઉચર ૨૦૦ થી ૫૦૦ ડોલરના આપવાનુ કહિને બાદમાં લોન મંજુર થઇ ગયેલ છે અને ચેક આપના એકાઉન્ટમાં જમા થનાર છે એમ કહિને તેમની પાસેથી વોલમાર્ટ અને ગુગલ પે દ્વારા ૨૦૦ થી ૫૦૦ ડોલરનુ ગિફ્ટ વાઉચર મેળવીને અમેરીકન નાગરીકો સાથે છેતરપીંડી કરે છે.



**ગુના નિવારણ શાખા :**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૨.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશન ની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૩ ,મિલ્કત સંબધી-૩, પ્રોહીબીશન- ૪ મળી કુલ્લે ૧૦ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઇસમોને રાજ્યની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.